સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS


YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.



**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)



[JUNE-2019]

[23/06 to 29/06]

# WEEK-26


## CURRENT TOPIC

- Food Safety Index 2018-19
- RAWના નવા વડા તરીકે શ્રી સામંત ગોયલની નિમણૂક
- Health Index 2019
- IBના નવા વડા તરીકે શ્રી અરવિંદ કુમારની નિમણૂક
- જમ્મુ કાશ્મીર અનામત(સુધારા) બિલ,2019 લોકસભામાં પસાર
- જાપાનના ઓસાકા ખાતે 14મી G-20 Summit 2019 યોજાઈ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.

CALL : 9375701110 / 9328001110

## 23 JUNE, 2019 SUNDAY

### ➢ દિવસ મહિમા : 23 જૂન, સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (UN Public Service Day)

### ➢ Food Safety Index 2018-19

FSSAI અર્થાત્ Food Safety and Standards Authority of India દ્વારા તાજેતરમાં ભારતમાં પ્રથમ Food Safety Index 2018-19 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્ષમાં કેન્દ્ર શાસિત પ્રદેશ ચંદીગઢ પ્રથમ ક્રમે છે.
- આ ઈન્ડેક્ષમાં ચંદીગઢ ઉપરાંત ગુજરાત, ગોવા, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ એમ કુલ છ રાજ્યો distinction સાથે ટોચના ક્રમે રહ્યા છે.
- આથી ચંદીગઢ ઉપરાંત, ગુજરાત, ગોવા, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુને ફૂડ સેફટી ક્ષેત્રે અગ્રગણ્ય પ્રદર્શન કરવા બદલ ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI), નવી દિલ્હી તરફથી રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ તથા સન્માન પત્ર એનાયત થયા છે.



- આ ઉપરાંત FSSAI દ્વારા જાહેર કરવામાં આવેલા ભારતના 7 'Eat Right Campus'માં ગુજરાતના IIT ગાંધીનગરના કેમ્પસનો પણ સમાવેશ થયો છે.

**નોંધ :** FSSAI દ્વારા તાજેતરમાં 7 જૂન, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ ફૂડ સેફટી દિવસ'ના રોજ આ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રથમ World Food Safety Day

યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીમાં ડિસેમ્બર 2018માં નક્કી થયા મુજબ તાજેતરમાં 7 જૂન 2019ના રોજ પ્રથમ 'World Food Safety Day' ની ઉજવણી કરવામાં આવી હતી.

- વર્ષ 2019માં ઉજવાયેલા આ પ્રથમ 'વિશ્વ ફૂડ સેફટી દિવસ'ની થીમ "Food Safety, everyone's business" હતી.

## food safety, everyone's business



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ ગુજરાતમાં 100 ટકા રસીકરણ માટે એકેડમી ઓફ પીડિયાટ્રિક્સ ગુજરાત સાથે સમજૂતી કરાર

ગુજરાતમાં રસીકરણના કાર્યક્રમને વધુ સફળતા મળે અને કોઈ બાળક રસી વિનાનું રહી ન જાય તે માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં 'એકેડમી ઓફ પીડિયાટ્રિક્સ, ગુજરાત' સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

- આરોગ્ય કમિશનર શ્રી જયંતી રવિએ આપેલી માહિતી અનુસાર ગુજરાતમાં પલ્સ પોલિયો રસીકરણ અભિયાન હેઠળ માર્ચ 2019માં 84 લાખથી વધુ એટલે કે 99.45 ટકા બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.
- રાજ્યમાં સંપૂર્ણ રસીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ 2018-19માં રાજ્યનું સરેરાશ કવરેજ 96 ટકા થયું છે.
- જેમાં અમદાવાદ, અરવલ્લી અને દાહોદ જિલ્લામાં 100 ટકા રસીકરણ થયું છે.

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount
ફ્રી ટ્રાયલ લેક્ચર
09/07/19
સમય : સાંજે 7 to 9
50% Discount 85% થી વધુને
20% Discount 70% થી વધુને
10% Discount 40% થી વધુને
2012 - 18
1237+ સફળ ઉમેદવાર
સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રીમાં રહેશે.
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
9375701110
9328001110
રાજકોટ
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે,
www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

ICE Questions

1. 'યુએન પબ્લિક સર્વિસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 જૂન (B) 22 જૂન (C) 23 જૂન (D) 24 જૂન **(C)**

2. FSSAI દ્વારા તાજેતરમાં ભારતમાં કેટલામો ફૂડ સેફટી ઈન્ડેક્ષ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(A)**

3. FSSAI દ્વારા તાજેતરમાં ભારતમાં પ્રસિદ્ધ થયેલા પ્રથમ ફૂડ સેફટી ઈન્ડેક્ષ 2018-19માં ભારતનો કયો કેન્દ્ર શાસિત પ્રદેશ પ્રથમ ક્રમે છે ?
(A) નવી દિલ્હી (B) ચંદીગઢ (C) પુડુચેરી (D) લક્ષદ્વીપ **(B)**

4. FSSAI દ્વારા તાજેતરમાં ભારતમાં પ્રસિદ્ધ થયેલા પ્રથમ ફૂડ સેફટી ઇન્ડેક્ષ 2018-19માં distinction સાથે ટોચના ક્રમે રહેલા 6 રાજ્યોમાં નીચેનામાંથી કયા રાજ્યનો સમાવેશ થાય છે ?
(A) ગુજરાત (B) હિમાચલપ્રદેશ (C) આંધ્રપ્રદેશ (D) મણિપુર **(A)**

5. FSSAI દ્વારા તાજેતરમાં ભારતમાં પ્રસિદ્ધ થયેલા પ્રથમ ફૂડ સેફટી ઈન્ડેક્ષ 2018-19માં જાહેર થયેલા ભારતના 7 'ઈટ રાઈટ કેમ્પસ'માં ગુજરાતના કયા કેમ્પસનો સમાવેશ થયો છે ?
(A) IIM અમદાવાદ (B) કોમર્સ કોલેજ અમદાવાદ
(C) IIT અમદાવાદ (D) IIT ગાંધીનગર **(D)**

6. તાજેતરમાં વર્ષ 2019માં કયા દિવસે પ્રથમ 'વિશ્વ ફૂડ સેફટી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 5 જૂન (B) 7 જૂન (C) 10 જૂન (D) 12 જૂન **(B)**

7. તાજેતરમાં 7 જૂન 2019ના રોજ ઉજવાયેલા પ્રથમ 'વિશ્વ ફૂડ સેફટી દિવસ'ની થીમ શું હતી ?
(A) Food Safety For All (B) Food Safety For All Business
(C) Food Safety For every one's (D) Food Safety, every one's business **(D)**

8. ગુજરાતમાં 100 ટકા રસીકરણ માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા શેની સાથે કરાર કરવામાં આવ્યા છે ?
(A) એકેડમી ઓફ પીડિયાટ્રિક્સ, ગુજરાત (B) એકેડમી ઓફ સાયન્સ, ગુજરાત
(C) એકેડમી ઓફ નર્સિંગ, ગુજરાત (D) એકેડમી ઓફ હેલ્થ, ગુજરાત **(A)**

9. ગુજરાતમાં સંપૂર્ણ રસીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ 2018-19માં ગુજરાતના કયા ત્રણ જિલ્લામાં 100 ટકા રસીકરણ થયું છે ?
(A) અમદાવાદ, અરવલ્લી, પંચમહાલ (B) અમદાવાદ, અરવલ્લી, મહિસાગર
(C) અમદાવાદ, અરવલ્લી, દાહોદ (D) અમદાવાદ, અરવલ્લી, નર્મદા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**24 JUNE, 2019 MONDAY**

## ➤ FATFનું પૂર્ણ સભ્યપદ મેળવનાર સાઉદી અરેબિયા પ્રથમ આરબ દેશ બન્યો

તાજેતરમાં જૂન 2019 દરમિયાન **અમેરિકા**ના **ફ્લોરિડા** નામના રાજ્યના **ઓર્લેન્ડો** નામના શહેરમાં યોજાયેલી **FATF**ની વાર્ષિક સમિટમાં **સાઉદી અરેબિયા**ને FATFનું **પૂર્ણ સભ્ય** બનાવવામાં આવ્યું છે.

- આ સાથે જ **સાઉદી અરેબિયા** **FATF**નું પૂર્ણ સભ્ય પદ મેળવનાર **પ્રથમ આરબ દેશ** બની ગયો છે.

### FATF

**FATF**નું પૂરું નામ **'Financial Action Task Force (On Money Laundering)** છે.

- FATFએ એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.
- **'મની લૉન્ડરિંગ'** અથવા તો **કાળાનાણાંને કાયદેસર થતા રોકવા માટે** નીતિઓ બનાવવા **1989**માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ **2001**થી તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે તે **'ટેરર ફાઈનાન્સિંગ'** એટલે કે **આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થતી નાણાકીય મદદ**ને અટકાવવા માટે પણ તે નીતિઓ બનાવે છે.
- તેનું વડું મથક અથવા સચિવાલય **ફ્રાન્સ**ના **પેરિસ** ખાતે આવેલું છે.
- FATFના સભ્ય દેશોમાં **ભારત, અમેરિકા, ચીન** સહિત કુલ **38** દેશોનો સમાવેશ થતો હતો.
- હવે **સાઉદી અરેબિયા** FATFનું **39મું સભ્ય** બન્યું છે.

**નોંધ :** (1) જૂન **2018**માં FATF દ્વારા **પાકિસ્તાન**ને **'ગ્રે લિસ્ટ'**માં મૂકવામાં આવ્યું હતું.

(2) તાજેતરમાં અમેરિકાના ઓર્લેન્ડો ખાતે મળેલી સમિટમાં થયેલી સમીક્ષા બાદ પાકિસ્તાનને **'ગ્રે લિસ્ટ'**માં યથાવત્ રાખવામાં આવ્યું છે.

(3) જો તે **ઓક્ટોબર 2019** સુધીમાં આતંકવાદને રોકવા માટે યોગ્ય કાર્યવાહી ન કરે તો ત્યારબાદ તેને FATFના **'બ્લેક લિસ્ટ'**માં મૂકવામાં આવી શકે છે.

(4) 'ગ્રે લિસ્ટ'માં મૂકાવાને કારણે વર્લ્ડ બેંક, IMF, એશિયન ડેવલપમેન્ટ બેન્ક વગેરે જેવી સંસ્થાઓ તરફથી પાકિસ્તાનને મળતી આર્થિક સહાયમાં ઘટાડો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

1. તાજેતરમાં FATFનું પૂર્ણ સભ્યપદ મેળવનાર પ્રથમ આરબ દેશનું નામ શું છે ?
   (A) જોર્ડન (B) સીરિયા
   (C) સાઉદી અરેબિયા (D) યુનાઈટેડ આરબ અમિરાત (UAE) **(C)**

2. તાજેતરમાં સાઉદી અરેબિયા FATFનો કેટલામો સભ્ય દેશ બન્યો છે ?
   (A) 38મો (B) 39મો (C) 40મો (D) 41મો **(B)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ FATFનું પૂરું નામ શું છે ?
   (A) Financial Action Task Force (B) Financial Act Task Force
   (C) Financial Act Task Forum (D) Financial Action Task Forum **(A)**

4. નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   (1) FATFએ મની લોન્ડરિંગ અને ટેરર ફાઈનાન્સિંગ અંગે નીતિઓ ઘડતી વૈશ્વિક સંસ્થા છે.
   (2) જૂન 2018માં પાકિસ્તાનને FATFના 'ગ્રે લિસ્ટ'માં મૂકવામાં આવ્યું હતું.
   (3) જૂન 2019માં પાકિસ્તાનને FATFના 'ગ્રે લિસ્ટ'માંથી 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે.
   Ans. : (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે


AVAILABLE NOW

SUBJECT WISE

LATEST 2019

MOST IMP બિનસચિવાલય માટે અત્યંત ઉપયોગી

4000+ QUESTIONS & ANSWERS




સંભાવનાઓને સંપૂર્ણ કવર કરતા નિશ્ચિત કક્ષાના પ્રશ્નો

બંધારણ • જાહેર વહીવટ • ગુજરાતનો ઈતિહાસ • કોમ્પ્યૂટર
ગુજરાતનો સા. વારસો • અંગ્રેજી વ્યાકરણ • ગુજરાતી વ્યાકરણ
સામાન્ય વિજ્ઞાન • ગણિત અને તર્કશક્તિ • કરંટ અફેર્સ (જૂન-2019)

વધુ માહિતી માટે CALL 93753-01110

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

**25 JUNE, 2019 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 25 જૂન, આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ

## ➤ RBIના ડેપ્યુટી ગવર્નર પદેથી શ્રી વિરલ આચાર્યનું રાજીનામું



24 જૂન, 2019ના રોજ RBI(રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા)ના ડેપ્યુટી ગવર્નર શ્રી વિરલ આચાર્યએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

- તેમનો કાર્યકાળ 20 જાન્યુઆરી 2020ના રોજ પૂરો થવાનો હતો.
- જોકે, તેમનો કાર્યકાળ પૂરો થાય એના 6 મહિના પહેલા જ અંગદ કારણોસર RBIના ડેપ્યુટી ગવર્નર પદેથી તેમણે રાજીનામું આપી દીધું છે.
- 20 જાન્યુઆરી 2017થી ત્રણ વર્ષ માટે તેમની RBIના ડેપ્યુટી ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- એ અગાઉ તેઓ ન્યૂયોર્ક યુનિવર્સિટીની સ્ટર્ન સ્કૂલમાં ઈકોનોમિક્સના પ્રોફેસર હતા.

### RBI




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે. તે ભારતની બધી બેંકોનું સંચાલન કરે છે.

- રિઝર્વ બેંક ભારતીય રૂપિયાના ઈશ્યૂ અને પૂરવઠાને નિયંત્રિત કરે છે.
- RBIની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.
- 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ 1934' અંતર્ગત તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ RBI રાષ્ટ્રીયકૃત થઈ હતી.
- RBIનું વડું મથક અગાઉ કોલકાતામાં હતું. પરંતુ 1937થી તે મુંબઈમાં આવી ગયું છે.
- RBIનું સંચાલન કેન્દ્રીય સંચાલન બોર્ડ દ્વારા થાય છે.

**નોંધ :** (1) ડો. બાબાસાહેબ આંબેડકરનું RBIની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન છે.

(2) ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે RBIની સ્થાપના થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## RBIના વર્તમાન ગવર્નર તથા ડેપ્યુટી ગવર્નર (25 જૂન, 2019ની સ્થિતિએ)

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી શક્તિકાંતા દાસ | ગવર્નર |
| 2 | શ્રી બી. પી. કાનુન્ગો | ડેપ્યુટી ગવર્નર |
| 3 | શ્રી એન. એસ. વિશ્વનાથન | ડેપ્યુટી ગવર્નર |
| 4 | શ્રી મહેશકુમાર જૈન | ડેપ્યુટી ગવર્નર |

## RBIના ગવર્નર અને તેમની વિશેષતા

| ક્રમ | નામ | સમય | વિશેષતા |
|---|---|---|---|
| 1st | શ્રી ઓસબોર્ન સ્મિથ | 1935-37 | RBIના પ્રથમ ગવર્નર |
| 3rd | શ્રી સી. ડી. દેશમુખ | 1943-49 | RBIના પ્રથમ ભારતીય ગવર્નર |
| 4th | શ્રી બેનેગલ રામા રાવ | 1949-57 | સૌથી લાંબા સમય સુધી (2754 દિવસ) RBIના ગવર્નર |
| 14th | શ્રી આઈ. જી. (ઈન્દ્રપ્રસાદ ગોધરનભાઈ) પટેલ | 1977-82 | પ્રથમ ગુજરાતી RBI ગવર્નર |
| 15th | ડૉ. મનમોહનસિંહ | 1982-85 | ભારતના વડાપ્રધાન બનનાર RBI ગવર્નર |
| 16th | શ્રી અમિતાવ ઘોષ | 1985 | સૌથી ઓછા સમય સુધી (20 દિવસ) RBI ગવર્નર |
| 23rd | શ્રી રઘુરામ રાજન | 2013-16 | શ્રી ઉર્જિત પટેલ અગાઉ RBI ગવર્નર |
| 24th | શ્રી ઉર્જિત પટેલ | 2016-18 | બીજા ગુજરાતી RBI ગવર્નર |
| 25th | શ્રી શક્તિકાંતા દાસ | 2018થી.... | RBIના વર્તમાન ગવર્નર (25 જૂન, 2019ની સ્થિતિએ) |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી રઘુરામ રાજનના કાર્યકાળથી હાલના સમયે RBIના ગવર્નરની મુદત 3 વર્ષની હોય છે.

(2) RBIના પ્રથમ ભારતીય ગવર્નર શ્રી સી. ડી.(એટલે કે ચિંતામણ દ્વારકાનાથ) દેશમુખને અંગ્રેજો દ્વારા 'સર'નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

(3) RBIના પ્રથમ ગુજરાતી ગવર્નર શ્રી આઈ. જી. (એટલે કે ઈન્દ્રપ્રસાદ ગોરધનભાઈ) પટેલનો જન્મ 11 નવેમ્બર, 1924ના રોજ વડોદરા ખાતે થયો હતો.

## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન | (C) |
| 2. | તાજેતરમાં RBIના ડેપ્યુટી ગવર્નર પદેથી કોણે રાજીનામું આપ્યું છે ?<br>(A) શ્રી વિરલ આર્યન (B) શ્રી મહેશકુમાર જૈન<br>(C) શ્રી વિરલ જૈન (D) શ્રી વિરલ આચાર્ય | (D) |
| 3. | શ્રી વિરલ આચાર્યએ તાજેતરમાં RBIના નાયબ ગવર્નર પદેથી રાજીનામું આપ્યું છે... RBIના નાયબ ગવર્નર તરીકે કેટલા વર્ષ માટે તેમની નિમણૂક કરવામાં આવી હતી ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ | (B) |
| 4. | શ્રી વિરલ આચાર્યના રાજીનામા બાદ RBIના બાકીના ત્રણ વર્તમાન (25 જૂન 2019ની સ્થિતિએ) ડેપ્યુટી ગવર્નરોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?<br>(A) શ્રી બી. પી. કાનુન્ગો (B) શ્રી મહેશકુમાર જૈન<br>(C) શ્રી આર. એન. વ્યાસ (D) શ્રી એન. એસ. વિશ્વનાથન | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26 JUNE, 2019 WEDNESDAY

➤ **દિવસ મહિમા : 26 જૂન,** (1) **વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન**
(International Day against Drug Abuse and Illicit Trafficking)
(2) **ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ**
(International Day in Support of Victims of Torture)
(3) **વર્લ્ડ રેફ્રિજરેશન ડે**

### ➤ 'CNG સહભાગી યોજના' અંતર્ગત ગુજરાતમાં 300 નવા CNG પંપ શરૂ કરાશે

25 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન થયું હતું.

- આ બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર ગુજરાતમાં 'CNG સહભાગી યોજના' અંતર્ગત આગામી બે વર્ષમાં 300થી વધુ CNG પંપ શરૂ કરવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં CNG વાહન ચાલકોને સરળતાથી CNG ઉપલબ્ધ થશે. આથી તેમણે હવે લાંબી લાઈનમાં ઉભા રહેવું નહિ પડે.



## CNG સહભાગી યોજનાની વિશેષતા




ગુજરાતમાં **છેલ્લા 23 વર્ષ**માં **542 CNG** સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે. તેની સામે **'CNG સહભાગી યોજના'** અંતર્ગત ગુજરાતમાં આગામી **બે વર્ષ**માં **300થી વધુ CNG સ્ટેશન** શરૂ કરવામાં આવશે.

- આ CNG સ્ટેશનની સ્થાપના ગુજરાત સરકાર હસ્તકની **'ગુજરાત ગેસ લિમિટેડ'** અને **'સાબરમતી ગેસ લિમિટેડ'** નામની નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપની દ્વારા કરવામાં આવશે.
- ગુજરાતમાં હાલ જેની પાસે પેટ્રોલ પંપ હોય તેવા પેટ્રોલ પંપ ધારકો તેમનો પેટ્રોલ પંપ જયાં કાર્યરત હોય તે સ્થળે સરળતાથી CNG પંપ શરૂ કરી શકશે. આ માટે તેમણે કોઈ વધારાની પરવાનગીઓ સરકારમાંથી લેવાની રહેશે નહિ.
- આ નવા CNG સ્ટેશનની સ્થાપનાથી વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ થશે.
- આ યોજનાનો લાભ લેવા માટેની વધુ વિગતો www.cngsahbhaagi.com વેબસાઈટ પરથી ઉપલબ્ધ થશે.

## પાઈપલાઈન દ્વારા ગેસ - PNG ગેસ

તાજેતરમાં યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં PNGના નેટવર્કનો વ્યાપ વધારવા માટે પણ માર્ગદર્શન આપ્યું હતું.

- આ અંતર્ગત ગુજરાતમાં હાલ **13.50 લાખ** ઘરોમાં PNG એટલે કે પાઈપલાઈન દ્વારા નેચરલ ગેસનો ઉપયોગ થાય છે. તેમાં આગામી **ત્રણ વર્ષ**માં **4.5 લાખ** ઘરોનો વધારો કરવામાં આવશે.
- આથી, વર્ષ **2022** સુધીમાં **'ગુજરાત ગેસ લિમિટેડ'** અને **'સાબરમતી ગેસ લિમિટેડ'** દ્વારા ગુજરાતના **18 લાખ** ઘરોને PNG ગેસથી સાંકળી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વાર્ષિક **રૂ. બે લાખ** સુધીની આવક ધરાવતા પરિવારો માટે PNG કનેકશનની ડિપોઝિટ **રૂ. 1000** તથા **બે લાખથી વધુ** વાર્ષિક આવક ધરાવતા પરિવારો માટે **રૂ. 5000** ડિપોઝિટ લેવાનું સૂચન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 'પ્રદૂષણ મુક્ત નયા ભારત'ના નિર્માણમાં ગુજરાતનું યોગદાન

(1) જયાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની **પ્રાકૃતિક ગેસ વિતરણ સંબંધિત નીતિઓ** સંપૂર્ણ રીતે લાગુ થઈ હોય તેવું **ગુજરાત** ભારતનું **પ્રથમ રાજ્ય** છે.

(2) **ગુજરાત** ભારતનું એવું **પ્રથમ રાજ્ય** છે કે જેના **તમામ જિલ્લાઓમાં સિટી ગેસના વિતરણ માટેની અધિકૃત મંજૂરીઓ મળેલી છે.**

(3) **CNG સ્ટેશનની સૌથી વધુ સંખ્યા**ની દૃષ્ટિએ **ગુજરાત** ભારતનું **પ્રથમ રાજ્ય** છે. ભારતમાં **સૌથી વધુ CNG સ્ટેશન ગુજરાત**માં છે. અત્યાર સુધીમાં સમગ્ર ભારતમાં **1762** CNG સ્ટેશન સ્થપાયા છે, તેમાંથી **31 ટકા** એટલે કે **542** CNG સ્ટેશન ગુજરાતમાં છે. (ગુજરાતના આ 542 CNG સ્ટેશનમાંથી **62 ટકા** એટલે કે **344** CNG સ્ટેશન **'ગુજરાત ગેસ લિમિટેડ'** અને **'સાબરમતી ગેસ લિમિટેડ'** સંચાલિત છે.)

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

(4) ભારતમાં હાલ સૌથી વધુ **ઘરેલું PNG ગ્રાહકો ગુજરાત**માં જ છે.

(5) ગુજરાતમાં આ વર્ષે **ઔદ્યોગિક PNG** વપરાશમાં **બે ગણી** એટલે કે **40 લાખ SCMD**થી વધીને **80 લાખ SCMD**ની વૃદ્ધિ થઈ છે.

**નોંધ :** (1) CNGનું પૂરું નામ 'Compressed Natural Gas' છે.

(2) PNGનું પૂરું નામ 'Piped Natural Gas' છે.

(3) SCMDનું પૂરું નામ 'Standard Cubic Meters Per Day' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
ફ્રી DEMO LECTURE
સ્પેશિયલ બેચ વર્ગ-3
નવી બેચ
TIME : સવારે / સાંજે

ફ્રી DEMO LECTURE
સ્પેશિયલ બેચ
બિન સચિવાલય માટે
નવી બેચ
TIME : સવારે / સાંજે

127/ Ratna Business Square, Old Natraj Cinema, Opp H.K collage, Ashram Road
Ahmedabad-380009
8469501110
8469601110

ICE Questions

1. 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

2. 'ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

3. 'વર્લ્ડ રેફ્રિજરેશન ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

4. ગુજરાતમાં નવા CNG પંપ શરૂ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?

(A) CNG સમૃદ્ધિ યોજના (B) CNG સહયોગી યોજના

(C) CNG સહભાગી યોજના (D) CNG સહાયતા યોજના **(C)**

5. 'CNG સહભાગી યોજના' અંતર્ગત ગુજરાતમાં આગામી બે વર્ષમાં કેટલા નવા CNG પંપ શરૂ કરવામાં આવશે ?

(A) 300થી વધુ (B) 400થી વધુ (C) 450થી વધુ (D) 500થી વધુ **(A)**

6. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી 'CNG સહભાગી યોજના' અંતર્ગત ગુજરાતમાં કઈ કંપની દ્વારા આગામી બે વર્ષમાં 300થી વધુ CNG સ્ટેશન સ્થાપવામાં આવશે ?

(A) ગુજરાત ગેસ લિમિટેડ અને નર્મદા ગેસ લિમિટેડ

(B) ગુજરાત ગેસ લિમિટેડ અને તાપી ગેસ લિમિટેડ

(C) ગુજરાત ગેસ લિમિટેડ અને ગોદાવરી ગેસ લિમિટેડ

(D) ગુજરાત ગેસ લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડ **(D)**

7. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર આગામી ત્રણ વર્ષમાં એટલે કે વર્ષ 2022 સુધીમાં ગુજરાતના કેટલા નવા ઘરોમાં PNG ગેસ ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(A) 4.5 લાખ (B) 5.5 લાખ (C) 6.5 લાખ (D) 7.5 લાખ **(A)**

8. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વાર્ષિક બે લાખ સુધીની આવક ધરાવતા પરિવારો માટે PNG કનેક્શનની ડિપોઝિટ કેટલી રાખવા સૂચન કર્યું હતું ?

(A) રૂ. 1000 (B) રૂ. 2000 (C) રૂ. 3000 (D) રૂ. 4000 **(A)**

9. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વાર્ષિક રૂ. બે લાખથી વધુ આવક ધરાવતા પરિવારો માટે PNG કનેક્શનની ડિપોઝિટ કેટલી રાખવા સૂચન કર્યું હતું ?

(A) રૂ. 3000 (B) રૂ. 4000 (C) રૂ. 5000 (D) રૂ. 6000 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 10. | ભારતના કયા રાજ્યમાં CNG સ્ટેશન તેમજ ઘરેલું PNG ગ્રાહકોની સંખ્યા સૌથી વધુ છે ?<br>(A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ | (A) |
| 11. | નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br>(1) CNGનું પૂરું નામ Compressed Natural Gas છે.<br>(2) PNGનું પૂરું નામ Petroleum Natural Gas છે.<br>Ans. : (A) 1 અને 2 બંને સાચા છે. (B) 1 અને 2 બંને ખોટા છે.<br>(C) 1 સાચું અને 2 ખોટું છે. (D) 1 ખોટું અને 2 સાચું છે. | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

GPSC
ક્લાસ 1/2

ફ્રી ટ્રાયલ લેક્ચર
11-07-19
સાંજે 7 થી 9

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ

| | |
|---|---|
| GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન | શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ |
| GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ | પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના |
| દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી | GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.

Call : 9375701110 / 9328001110

**27 JUNE, 2019 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 27 જૂન, MSME DAY

6 એપ્રિલ, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 74મા અધિવેશનમાં 27 જૂનને 'MSME દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત સૌપ્રથમ 27 જૂન, 2017ના રોજ પ્રથમ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.




**MSMEનું પૂરું નામ શું છે ?**

MSMEનું પૂરું નામ 'Micro, Small and Medium-Sized Enterprises' છે.

- તેને ગુજરાતીમાં 'સુક્ષ્મ-લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો' તરીકે ઓળખવામાં આવે છે.

**ઉદ્દેશ**

સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો'ના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

**વર્ષ 2019ની થીમ**

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની MSME દિવસની થીમ 'Big Money for Small Business : Financing the SDGs' છે.

- અહીં, SDGsનું પૂરું નામ 'Sustainable Development Goals' છે.

**વર્ષ 2019માં ઉજવણી**

આ અંતર્ગત 27 જૂન, 2019ના રોજ ભારત સરકારના MSME મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે એક આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ભારત સરકારના MSME મંત્રી શ્રી નીતિન ગડકરી દ્વારા આ સંમેલનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ સંમેલનની થીમ 'India MSMEs, Global Aspirations' હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ Health Index 2019

ભારતમાં સૌપ્રથમ ફેબ્રુઆરી 2018માં નીતિ આયોગ દ્વારા Healthy States, Progressive India (સ્વસ્થ રાજ્ય, પ્રગતિશીલ ભારત)નામથી એક વ્યાપક સ્વાસ્થ્ય સૂચકાંક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.




- વર્ષ 2018 બાદ તાજેતરમાં 25 જૂન 2019ના રોજ નીતિ આયોગ દ્વારા ભારતમાં બીજો Healthy States Progressive India Report પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટને Health Index 2019 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ રિપોર્ટનો મુખ્ય હેતુ દેશમાં સ્વાસ્થ્ય લક્ષ્યોની પ્રાપ્તિમાં ગતિ લાવવાનો છે.

## આ રિપોર્ટ કોના દ્વારા તૈયાર થયો છે ?

- વિશ્વબેંકની ટેક્નિકલ સહાય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી નીતિ આયોગ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
- **આ રિપોર્ટ તૈયાર કરવા માટે દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે :**

  (1) દેશના 21 મોટા રાજ્યો (2) દેશના 8 નાના રાજ્યો અને (3) 7 કેન્દ્ર શાસિત પ્રદેશો
- **આ રિપોર્ટ બે ભાગમાં તૈયાર કરવામાં આવ્યો છે :**

  (1) સમગ્ર પ્રદર્શન : એક બીજા રાજ્યોની તુલનાએ સમગ્ર પ્રદર્શનને આધારે અને

  (2) વાર્ષિક પ્રગતિ : રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશની વર્ષ 2015-16ની તુલનાએ વર્ષ 2017-18માં થયેલી વાર્ષિક પ્રગતિને આધારે.
- આ રિપોર્ટ અનુસાર વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મળેલા મુખ્ય ક્રમાંક નીચે પ્રમાણે છે :

### વર્ષ 2017-18માં સમગ્ર પ્રદર્શનને આધારે ક્રમાંક

**21 મોટા રાજ્યોનો ક્રમાંક**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | કેરળ |
| 2 | આંધ્રપ્રદેશ |
| 3 | મહારાષ્ટ્ર |
| 4 | ગુજરાત |
| 21 | ઉત્તરપ્રદેશ |

**8 નાના રાજ્યોનો ક્રમાંક**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | મિઝોરમ |
| 2 | મણિપુર |
| 3 | મેઘાલય |

**7 કેન્દ્ર શાસિત પ્રદેશોનો ક્રમાંક**

| ક્રમ | કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|
| 1 | ચંદીગઢ |
| 2 | દાદરા અને નગર હવેલી |

### વર્ષ 2015-16ની તુલનાએ વર્ષ 2017-18માં વાર્ષિક પ્રગતિને આધારે ક્રમાંક

**21 મોટા રાજ્યોનો ક્રમાંક**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | હરિયાણા |
| 2 | રાજસ્થાન |
| 3 | ઝારખંડ |
| 10 | ગુજરાત |
| 21 | બિહાર |

**8 નાના રાજ્યોનો ક્રમાંક**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | ત્રિપુરા |
| 2 | મણિપુર |
| 3 | મિઝોરમ |

**7 કેન્દ્ર શાસિત પ્રદેશોનો ક્રમાંક**

| ક્રમ | કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|
| 1 | દાદરા અને નગર હવેલી |
| 2 | ચંદીગઢ |

**નોંધ :** (1) આ રિપોર્ટમાં ઓવરઓલ પર્ફોર્મન્સને આધારે રાજ્યોને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા હતા. જેમાં Aspirants, Achievers અને Front-runners નામની આ ત્રણ કેટેગરીમાંથી ગુજરાતનો સમાવેશ Front-runners નામની શ્રેષ્ઠ કેટેગરીમાં થયો છે.

TABLE 4.1 Larger States: Overall performance in Reference Year - Categorization

| Aspirants | Achievers | Front-runners |
|---|---|---|
| Rajasthan | West Bengal | Kerala |
| Uttarakhand | Haryana | Andhra Pradesh |
| Madhya Pradesh | Chhattisgarh | Maharashtra |
| Odisha | Jharkhand | Gujarat |
| Bihar | Assam | Punjab |
| Uttar Pradesh | | Himachal Pradesh |
| | | Jammu and Kashmir |
| | | Karnataka |
| | | Tamil Nadu |
| | | Telangana |

(2) જ્યારે **વાર્ષિક પ્રગતિ**ને આધારે આ રિપોર્ટમાં રાજ્યોને **ચાર કેટેગરી**માં વહેંચવામાં આવ્યા હતા. જેમાંથી ગુજરાતનો સમાવેશ **Least Improved** નામની કેટેગરીમાં થયો છે.

TABLE 4.2 Larger States: Incremental performance from Base to Reference Year – Categorization

| Not Improved | Least Improved | Moderately Improved | Most Improved |
|---|---|---|---|
| West Bengal | Gujarat | Telangana | Haryana |
| Madhya Pradesh | Chhattisgarh | Maharashtra | Rajasthan |
| Punjab | Himachal Pradesh | Karnataka | Jharkhand |
| Kerala | | Jammu and Kashmir | Andhra Pradesh |
| Tamil Nadu | | | Assam |
| Odisha | | | |
| Uttarakhand | | | |
| Uttar Pradesh | | | |
| Bihar | | | |

(3) આ રિપોર્ટમાં વર્ષ **2015-16**ની તુલનાએ વર્ષ **2017-18**માં **ગુજરાત**ના પર્ફોર્મન્સમાં **1.53 પોઈન્ટ**નો સુધારો થયો છે. આથી આ રિપોર્ટમાં ગુજરાતનો સ્કોર **61.99**થી વધીને **63.52** થઈ ગયો છે.

## SRB Report

નીતિ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા **'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા રિપોર્ટ'** અંતર્ગત પ્રસિદ્ધ કરવામાં આવેલા **SRB (Sex Ratio at Birth) Report** અથવા તો **જન્મ સમયે જાતિ પ્રમાણ અંગેના રિપોર્ટ**માં દેશ માટે એક ચિંતાજનક હકીકત સામે આવી છે.

- આ રિપોર્ટ અનુસાર દેશના **21 મોટા રાજ્યો**માંથી ગુજરાત સહિત **12 રાજ્યો**માં વર્ષ 2013-2015ની તુલનાએ વર્ષ 2014-16માં 1000 પુરુષોની **સામે સ્ત્રી જન્મદરમાં નોંધપાત્ર ઘટાડો** થયો છે. જ્યારે બાકીના 9 રાજ્યોમાં તેમાં વધારો થયો છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના 21 મોટા રાજ્યોમાંથી ફક્ત **બે રાજ્ય**માં જ દર 1000 પુરુષોએ સ્ત્રીનો જન્મ દર **950 થી વધુ** છે.
- ભારતના 21 મોટા રાજ્યોમાં સૌથી વધુ સ્ત્રી જન્મદર ધરાવતા આ બે રાજ્યોમાં (1) **છત્તીસગઢ (963)** અને (2) **કેરળ (959)**નો સમાવેશ થાય છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના 21 મોટા રાજ્યોમાં સૌથી ઓછો સ્ત્રી જન્મદર **હરિયાણા**માં **832** છે.
- સૌથી ઓછા સ્ત્રી જન્મદરમાં **હરિયાણા (832)** બાદ **ગુજરાત (848)** **બીજા ક્રમે** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના 21 મોટા રાજ્યોમાં વર્ષ 2014-16 દરમિયાન દર 1000 પુરુષોએ સ્ત્રી જન્મદર

| ક્રમ | રાજ્ય | 1000 પુરુષોએ સ્ત્રી જન્મ દર |
|---|---|---|
| 1 | છત્તીસગઢ | 963 |
| 2 | કેરળ | 959 |
| 3 | ઓડિશા | 948 |
| 4 | પશ્ચિમ બંગાળ | 937 |
| 5 | કર્ણાટક | 935 |
| 17 | મહારાષ્ટ્ર | 876 |
| 18 | રાજસ્થાન | 857 |
| 19 | ઉત્તરાખંડ | 850 |
| 20 | ગુજરાત | 848 |
| 21 | હરિયાણા | 832 |

**નોંધ :** (1) આ રિપોર્ટ અનુસાર વર્ષ 2013-15માં ગુજરાતમાં 1000 પુરુષોએ સ્ત્રી જન્મદર 854 હતો. જે વર્ષ 2014-16 દરમિયાન ઘટીને 848 થઈ ગયો છે.

(2) આ રિપોર્ટ અનુસાર વર્ષ 2013-15ની તુલનાએ વર્ષ 2014-16 દરમિયાન ભારતના 21 મોટા રાજ્યોમાં સ્ત્રી જન્મદરમાં સૌથી વધુ 16નો વધારો ઝારખંડમાં (902થી 918) થયો છે.

(3) જ્યારે આ રિપોર્ટ અનુસાર વર્ષ 2013-15ની તુલનાએ વર્ષ 2014-16 દરમિયાન ભારતના 21 મોટા રાજ્યોમાં સ્ત્રી જન્મદરમાં સૌથી વધુ 17નો ઘટાડો તેલંગાણામાં (918થી 901) થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME (Micro, Small and Medium - Sized Enterprises) દિવસ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન — **(B)**

2. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં ભારતમાં કેટલામો 'હેલ્થ ઈન્ડેક્ષ' અથવા તો 'હેલ્ધી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા રિપોર્ટ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?
(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો — **(B)**

3. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્ધી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાં સમગ્ર પ્રદર્શનને આધારે પ્રથમ ક્રમાંકે કયું રાજ્ય છે ?
(A) કેરળ (B) ઝારખંડ (C) આંધ્રપ્રદેશ (D) મહારાષ્ટ્ર — **(A)**

4. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્ધી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાં સમગ્ર પ્રદર્શનને આધારે પ્રથમ ત્રણ ક્રમાંકે કયા રાજ્યો છે ?
(A) કેરળ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ (B) કેરળ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર
(C) કેરળ, આંધ્રપ્રદેશ, ઝારખંડ (D) કેરળ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ — **(B)**

5. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાં સમગ્ર પ્રદર્શનને આધારે ગુજરાતનો ક્રમાંક કયો છે ?
(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) છઠ્ઠો (B)

6. નીતિ આયોગ દ્વારા આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાં સમગ્ર પ્રદર્શનને આધારે ગુજરાતનો ક્રમાંક કયો હતો ?
(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) સાતમો (B)

7. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 8 નાના રાજ્યોમાં સમગ્ર પ્રદર્શનને આધારે પ્રથમ ક્રમાંકે કયું રાજ્ય છે ?
(A) મિઝોરમ (B) મણિપુર (C) મેઘાલય (D) ગોવા (A)

8. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાં વાર્ષિક પ્રગતિને આધારે પ્રથમ ક્રમાંકે કયું રાજ્ય છે ?
(A) હરિયાણા (B) ઝારખંડ (C) રાજસ્થાન (D) કેરળ (A)

9. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાં વાર્ષિક પ્રગતિને આધારે પ્રથમ ત્રણ ક્રમાંકે કયા રાજ્યો છે ?
(A) હરિયાણા, રાજસ્થાન, ઝારખંડ (B) હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર
(C) હરિયાણા, રાજસ્થાન, છત્તીસગઢ (D) હરિયાણા, રાજસ્થાન, ઉત્તરાખંડ (A)

10. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર દેશના 8 નાના રાજ્યોમાં વાર્ષિક પ્રગતિને આધારે પ્રથમ ક્રમાંકે કયું રાજ્ય છે ?
(A) મણિપુર (B) મિઝોરમ (C) ત્રિપુરા (D) મેઘાલય (C)

11. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા,' રિપોર્ટ અનુસાર દેશના 7 કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સમગ્ર પ્રદર્શનને અધારે પ્રથમ ક્રમે કયો કેન્દ્ર શાસિત પ્રદેશ છે ?
(A) લક્ષદ્વીપ (B) ચંદીગઢ
(C) દિલ્હી (D) દાદરા અને નગર હવેલી (B)

12. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા, રિપોર્ટ અનુસાર દેશના 7 કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વાર્ષિક પ્રગતિને આધારે પ્રથમ ક્રમે કયો કેન્દ્ર શાસિત પ્રદેશ છે ?
(A) લક્ષદ્વીપ (B) ચંદીગઢ
(C) દિલ્હી (D) દાદરા અને નગર હવેલી (D)

13. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'હેલ્થી સ્ટેટ, પ્રોગ્રેસિવ ઈન્ડિયા' રિપોર્ટ અંતર્ગત SRB (Sex Ratio at Birth) Report અનુસાર દેશના 21 મોટા રાજ્યોમાંથી કેટલા રાજ્યોમાં 1000 પુરુષોની તુલનાએ સ્ત્રી જન્મદરમાં ઘટાડો થયો છે ?
(A) 7 (B) 9 (C) 12 (D) 17 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા હેલ્થ ઈન્ડેક્ષ 2019 અંતર્ગત ભારતના 21 મોટા રાજ્યોમાંથી ભારતના કયા બે રાજ્યોમાં 1000 પુરુષોએ સ્ત્રી જન્મદર 950થી વધુ છે ?
(A) ઝારખંડ અને ઓડિશા (B) ઝારખંડ અને કેરળ
(C) છત્તીસગઢ અને કેરળ (D) છત્તીસગઢ અને ઓડિશા **(C)**

15. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા હેલ્થ ઈન્ડેક્ષ 2019 અંતર્ગત ભારતના 21 મોટા રાજ્યોમાંથી ભારતના કયા રાજ્યમાં 1000 પુરુષોએ સ્ત્રી જન્મદર સૌથી ઓછો છે ?
(A) ગુજરાત (B) હિમાચલપ્રદેશ (C) હરિયાણા (D) ઉત્તરાખંડ **(C)**

16. નીતિ આયોગ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા હેલ્થ ઈન્ડેક્ષ 2019 અનુસાર વર્ષ 2014-16 દરમિયાન ગુજરાતમાં 1000 પુરુષોએ સ્ત્રી જન્મદર કેટલો હતો ?
(A) 854 (B) 852 (C) 848 (D) 846 **(C)**

17. નીતિ આયોગના 'હેલ્થ ઈન્ડેક્ષ' 2019માં પ્રસિદ્ધ થયેલી માહિતીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. વર્ષ 2014-16 દરમિયાન ભારતના 21 મોટા રાજ્યોમાં 1000 પુરુષોએ સૌથી વધુ સ્ત્રી જન્મદર છત્તીસગઢમાં 963 હતો.
2. વર્ષ 2014-16 દરમિયાન ભારતના 21 મોટા રાજ્યોમાં 1000 પુરુષોએ સૌથી ઓછો સ્ત્રી જન્મદર હરિયાણામાં 832 હતો.
3. વર્ષ 2013-15ની તુલનાએ વર્ષ 2014-16 દરમિયાન ભારતના 21 મોટા રાજ્યોમાં 1000 પુરુષોએ સ્ત્રી જન્મદરમાં સૌથી વધુ વધારો ઝારખંડમાં થયો છે.
4. વર્ષ 2013-15ની તુલનાએ વર્ષ 2014-16 દરમિયાન ભારતના 21 મોટા રાજ્યોમાં 1000 પુરુષોએ સ્ત્રી જન્મદરમાં સૌથી વધુ ઘટાડો તેલંગાણામાં થયો છે.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 28 JUNE, 2019 FRIDAY

### ➤ શ્રી પદ્મનાભ આચાર્ય મણિપુરના નવા રાજ્યપાલ બન્યા



તાજેતરમાં **શ્રી પદ્મનાભ આચાર્ય**એ **મણિપુર**ના નવા **રાજ્યપાલ** તરીકે શપથ લીધા છે.

- મણિપુર હાઈકોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ **જસ્ટિસ લાનુશુંગકમ જમીરે** શ્રી પદ્મનાભ આચાર્યને મણિપુરના રાજ્યપાલ પદના શપથ અપાવ્યા છે.
- **શ્રી પદ્મનાભ આચાર્ય** વર્ષ **2014**થી **નાગાલેન્ડ**ના રાજ્યપાલ છે.
- હવે તેઓ **નાગાલેન્ડ**ના રાજ્યપાલ પદની સાથે સાથે **મણિપુર**ના રાજ્યપાલનો વધારાનો હવાલો સંભાળશે.
- મણિપુરના મહિલા રાજ્યપાલ **શ્રીમતી નઝમા હેપ્તુલ્લા**ના સ્થાને શ્રી પદ્મનાભ બાલાકિષ્ન આચાર્યને મણિપુરના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

## ➤ IBના નવા વડા તરીકે શ્રી અરવિંદ કુમારની નિમણૂક



કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ભારતના Intelligence Bureau (IB)ના નવા વડા તરીકે **શ્રી અરવિંદ કુમાર**ની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી અરવિંદ કુમાર IBના વડા તરીકે **શ્રી રાજીવ જૈનનું** સ્થાન લેશે.
- શ્રી અરવિંદ કુમાર 1984ની બેચના **આસામ-મેઘાલય** કેડરના IPS ઓફિસર છે.
- શ્રી અરવિંદ કુમાર જમ્મુ–કાશ્મીર મુદ્દાના નિષ્ણાત છે.
- 1990ના દાયકામાં ઉગ્રવાદનો સામનો કરી રહેલા પંજાબની સ્થિતિને સંભાળી રાખવામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.

### Intelligence Bureau (IB)

IB એ ભારતની **આંતરિક જાસૂસી એજન્સી** છે.

- તેની સ્થાપના 1887માં થઈ હતી અને તેને વિશ્વની સૌથી જૂની પ્રખ્યાત જાસૂસી એજન્સી માનવામાં આવે છે.
- 1887માં સ્થાપના બાદ 1947માં ભારત સરકારના **ગૃહ મંત્રાલય** હેઠળ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યૂરો તરીકે તેનું પુનર્ગઠન થયું હતું.
- તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય **'જાગૃતં અહર્નિશં'** "(Always Alert)" છે.
- ભારત સરકારના **ગૃહ મંત્રાલય** અંતર્ગત કાર્ય કરતી આ સંસ્થા ભારતમાં આતંકવાદ જેવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનું કાર્ય કરે છે.

**નોંધ :** 1947 બાદ **શ્રી સંજીવી પિલ્લર** IBના પ્રથમ ભારતીય વડા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ રો (RAW)ના નવા વડા તરીકે શ્રી સામંત ગોયલની નિમણૂક



કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ભારતમાં Research and Analysis Wing (R&AW અથવા RAW)ના નવા વડા તરીકે **શ્રી સામંત ગોયલ**ની નિમણૂક કરવામાં આવી છે.

- RAWના નવા વડા તરીકે **શ્રી સામંત ગોયલ શ્રી અનિલ ધસ્માનાનું** સ્થાન લેશે.
- શ્રી સામંત ગોયલ 1984ની બેચના **પંજાબ** કેડરના IPS ઓફિસર છે.
- તાજેતરમાં થયેલી 'બાલાકોટ એરસ્ટ્રાઈક'નો પ્લાન બનાવવામાં શ્રી સામંત ગોયલની મહત્ત્વની ભૂમિકા હતી.

### RAW


RAWનું પૂરું નામ 'Research and Analysis Wing' છે.

- RAW એ ભારતની **વિદેશી અથવા તો આંતરરાષ્ટ્રીય જાસૂસી એજન્સી** છે.
- અગાઉ ભારતમાં આંતરિક અને વિદેશી ગુપ્ત માહિતી મેળવવાનું કાર્ય IB દ્વારા જ થતું હતું.

- જોકે, ભારત–ચીન યુદ્ધ દરમિયાન વિદેશી ગુપ્ત માહિતી મેળવવામાં મળેલી નિષ્ફળતા બાદ વિદેશી ગુપ્ત માહિતી મેળવવા માટેની એક સ્વતંત્ર એજન્સી તરીકે **21 સપ્ટેમ્બર 1968**ના રોજ **RAW**ની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય **'ધર્મો રક્ષતિ રક્ષિતઃ'** છે.
- ભારતમાં **RAW**ના વડાને **કેબિનેટ સચિવાલય**માં **સેક્રેટરી (R)**નો દરજ્જો આપવામાં આવે છે.
- તેઓ **ભારતના વડાપ્રધાનના સીધા નિયંત્રણ હેઠળ** કાર્ય કરે છે.
- તેઓ વહીવટી રીતે ભારતના **કેબિનેટ સચિવ**ને અહેવાલ આપે છે અને **કેબિનેટ સચિવ વડાપ્રધાનશ્રી**ને અહેવાલ આપે છે.
- રોનું મુખ્ય કાર્ય વિદેશી ગુપ્ત માહિતી મેળવવી, આતંકવાદ રોકવો અને ગુપ્ત ઓપરેશનો પાર પાડવાનું છે.

**નોંધ :** (1) ભારતમાં RAWના **પ્રથમ** વડા **શ્રી રામેશ્વર નાથ કાઓ** હતા.
(2) તેમના 9 વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે **'સ્વતંત્ર બાંગ્લાદેશના નિર્માણ'** અને **'સિક્કિમને ભારત સાથે જોડવા'**માં મહત્ત્વની ભૂમિકા નીભાવી હતી.

## ➤ નીતિ આયોગના CEO શ્રી અમિતાભ કાન્તનો કાર્યકાળ બે વર્ષ વધારાયો



ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં નીતિ આયોગના **CEO શ્રી અમિતાભ કાન્તનો** કાર્યકાળ **બે વર્ષ** વધારવામાં આવ્યો છે.

- તેઓ 30 જૂન 2019ના રોજ નિવૃત્ત થવાના હતા.
- જોકે, હવે તેમને **2 વર્ષનું** એક્સટેન્શન આપવામાં આવ્યું છે. આથી તેમનો કાર્યકાળ હવે 30 જૂન, 2021ના રોજ પૂરો થશે.
- શ્રી અમિતાભ કાન્તની નીતિ આયોગના CEO તરીકે **17 ફેબ્રુઆરી, 2016**ના રોજ નિમણૂક કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### નીતિ આયોગ

દેશના વિકાસને ગતિ અને દિશા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા **1 જાન્યુઆરી, 2015**ના રોજ **નીતિ આયોગ**ની સ્થાપના કરવામાં આવી હતી.

- આ સંસ્થા દેશ (કેન્દ્ર) અને રાજ્યો વચ્ચે આર્થિક બાબતો પર પોતાના મંતવ્યો આપે છે, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા આર્થિક ફેરફારોને લઈને નવી યોજનાના નિર્માણ માટે સહકાર આપે છે.
- **નીતિ (NITI) આયોગ**નું પૂરું નામ **'નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા'** છે.
- **15 માર્ચ, 1950**ના રોજ સ્થપાયેલા **યોજના આયોગ (Planning Commission)**ની જગ્યાએ તેની સ્થાપના કરવામાં આવી છે.
- આ અંતર્ગત **17 ઓગસ્ટ, 2014**ના રોજ યોજના આયોગનું વિસર્જન કરવામાં આવ્યું હતું.
- નીતિ આયોગનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- દેશના **વડાપ્રધાન** તેના **અધ્યક્ષ** હોય છે.

## નીતિ આયોગના સભ્યો

નીતિ આયોગના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

- અધ્યક્ષ : શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ઉપાધ્યક્ષ : શ્રી રાજીવ કુમાર
- CEO : શ્રી અમિતાભ કાંત
- કાયમી સભ્યો શ્રી બિબેક દેબેરોય, શ્રી વી. કે. સારસ્વત, શ્રી રમેશ ચંદ
- હોદ્દાની રૂએ સભ્યો : શ્રી અમિત શાહ, શ્રી રાજનાથ સિંહ, શ્રીમતી નિર્મલા સીતારામન અને શ્રી નરેન્દ્ર સિંહ તોમર
- વિશેષ આમંત્રિત સભ્યો :શ્રી નીતિન ગડકરી, શ્રી પીયૂષ ગોયલ, શ્રી થાવર ચંદ ગેહલોત અને શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ

**નોંધ** : નીતિ આયોગ **'ગેરબંધારણીય'** સંસ્થા છે.

## ICE Questions

1. મણિપુરના નવા રાજ્યપાલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રીમતી નઝમા હેપ્તુલ્લા (B) શ્રી પદ્મનાભ આચાર્ય
(C) શ્રી પદ્મનાભ ચટ્ટોપાધ્યાય (D) શ્રી પદ્મનાભ બર્મન **(B)**

2. શ્રી પદ્મનાભ આચાર્યની તાજેતરમાં મણિપુરના નવા રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.... શ્રી પદ્મનાભ આચાર્ય હાલ મણિપુર ઉપરાંત ભારતના બીજા કયા રાજ્યના રાજ્યપાલ છે ?
(A) મિઝોરમ (B) મણિપુર (C) નાગાલેન્ડ (D) મેઘાલય **(C)**

3. ભારતમાં ઈન્ટેલીજન્સ બ્યૂરો (IB)ના નવા વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સામંત ગોયલ (B) શ્રી સામંત કુમાર
(C) શ્રી અરવિંદ ગોયલ (D) શ્રી અરવિંદ કુમાર **(D)**

4. IBના નવા વડા તરીકે શ્રી અરવિંદ કુમારે કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રી અનિલ ધસ્માના (B) શ્રી રાજીવ ગુપ્તા (C) શ્રી રાજીવ જૈન (D) શ્રી રાજીવ કપૂર **(C)**

5. ભારતમાં Research and Analysis Wing (RAW)ના નવા વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સાવંત કુમાર (B) શ્રી સાવંત ગોયલ (C) શ્રી સાવંત જૈન (D) શ્રી સામંત ગોયલ **(D)**

6. RAWના નવા વડા તરીકે શ્રી સામંત ગોયલે કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રી રાજીવ જૈન (B) શ્રી અનિલ વઢવાણા
(C) શ્રી અનિલ ધસ્માના (D) શ્રી અનિલ ધનોઆ **(C)**

7. તાજેતરમાં નીતિ આયોગના CEO શ્રી અમિતાભ કાન્તનો કાર્યકાળ કેટલા વર્ષ માટે વધારવામાં આવ્યો છે ?
(A) 1 વર્ષ (B) 2 વર્ષ (C) 3 વર્ષ (D) 1.5 વર્ષ **(B)**

8. ભારતમાં ઈન્ટેલીજન્સ બ્યૂરો (IB) ભારત સરકારના કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ?
(A) સંરક્ષણ (B) ગૃહ (C) વિદેશ (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

9. ભારતમાં RAWના વડા ભારત સરકારના કયા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે ?
(A) વિદેશ (B) સંરક્ષણ
(C) ગૃહ (D) વડાપ્રધાનશ્રીના સીધા નિયંત્રણ હેઠળ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 29 JUNE, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 29 જૂન, Statistics Day (આંકડાશાસ્ત્ર દિવસ)

ભારત સરકાર દ્વારા ભારતમાં દર વર્ષે 29 જૂનને 'Statistics Day' અથવા તો 'આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં **શ્રી પી. સી. મહાલનોબિસ**ના પ્રદાનને બિરદાવવા માટે ભારતમાં વર્ષ 2006થી તેમનો જન્મ દિન 29 જૂન **'આંકડાશાસ્ત્ર દિવસ'** તરીકે ઉજવાય છે.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ ભારતમાં સામાજિક–આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્ત્વ અંગે જાગરુક્તા લાવવાનો છે.
- વર્ષ 2019ની 'સ્ટેટિસ્ટિક્સ ડે'ની થીમ 'Sustainable Development Goals (SDGs)' **(સતત વિકાસ લક્ષ્ય)** છે.

### ➤ જમ્મુ-કાશ્મીર અનામત (સુધારા) બિલ, 2019 લોકસભામાં પસાર

29 જૂન, 2019ના રોજ ભારતની લોકસભામાં **જમ્મુ-કાશ્મીર અનામત (સુધારા) બિલ, 2019** પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર જમ્મુ–કાશ્મીરમાં **આંતરરાષ્ટ્રીય સરહદથી 10 કિલોમીટરની અંદરના વ્યાપમાં રહેતા લોકોને** શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં **3 ટકા અનામત** આપવામાં આવશે.
- આ નવી જોગવાઈના અમલથી જમ્મુ–કાશ્મીરમાં LOC તથા આંતરરાષ્ટ્રીય સરહદ પર રહેતા આશરે 3.5 લાખ લોકોને લાભ થશે.
- આ બિલ **જમ્મુ-કાશ્મીર અનામત (સુધારા) વટહુકમ, 2019**નું સ્થાન લેશે.

**નોંધ :** આ નવા બિલ દ્વારા **'જમ્મુ-કાશ્મીર અનામત અધિનિયમ, 2004'**માં સુધારો કરવામાં આવ્યો છે.

### ➤ જાપાનના ઓસાકા ખાતે 14મી G20 Summit 2019 યોજાઈ

તાજેતરમાં 28-29 જૂન, 2019 દરમિયાન **જાપાન**ના **ઓસાકા 14મી** G-20 સમિટનું આયોજન થયું હતું.

- **જાપાન**માં યોજાયેલી આ **પ્રથમ** G-20 સમિટ હતી.
- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદેમિર પુતિન સહિત વિશ્વના અનેક દેશોના વડાઓએ ભાગ લીધો હતો.
- આ સમિટમાં **ગ્લોબલ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ**ની ખાતરી માટે **આઠ થીમ** અંગે ચર્ચા કરવાનો એજન્ડા હતો.
- આ આઠ થીમમાં Global Economy, Trade and Investment, Innovation, Environment and Energy, Employment, Women's empowerment, Development અને Healthનો સમાવેશ થાય છે.
- આ અગાઉ 2018માં આર્જેન્ટીનામાં યોજાયેલી 13મી G-20 સમિટના સમાપન પ્રસંગે **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022**માં G 20- Summit **ભારત**માં **નવી દિલ્હી** ખાતે યોજવાની જાહેરાત કરી હતી.
- આ જાહેરાત અનુસાર વર્ષ 2022માં ભારતની આઝાદીને 75 વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે ભારતમાં **સૌપ્રથમ વખત** આ સમિટ યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## G 20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ-વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી. સી. |
| 12th | 7-8 જુલાઈ 2017 | જર્મની | હેમ્બર્ગ |
| 13th | 30 નવે. 1 ડિસે. 2018 | આર્જેન્ટિના | બ્યુનોસ એર્સ |
| 14th | 28-29 જૂન 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 2021 | ઈટાલી | – |
| 17th | 2022 | ભારત | નવી દિલ્હી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G 20

G 20ને 'Group of Twenty' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G 20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G 20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 80 ટકા વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G 20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

**નોંધ :** વર્ષ 2019ની G 20 સમિટના અધ્યક્ષ જાપાનના રાષ્ટ્રપતિ શ્રી શિન્ઝો અબે હતા.

ICE ? Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' અથવા તો 'National Statistics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જૂન (B) 28 જૂન (C) 29 જૂન (D) 30 જૂન **(C)**

2. ભારતમાં કોનો જન્મ દિન 29 જૂન 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી આર. ચંદ્રશેખર (B) શ્રી પી. સી. ચંદ્ર

(C) શ્રી પી. સી. મહાલનોબિસ (D) શ્રી પી. સી. ચૌધરી **(C)**

3. તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા જમ્મુ–કાશ્મીર અનામત (સુધારા) બિલ, 2019 અંતર્ગત જમ્મુ–કાશ્મીરમાં કોના માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) આતંકવાદનો ભોગ બનેલા જમ્મુ–કાશ્મીરના પરિવારો માટે

(B) આતંકવાદ ત્યજીને દેશની મુખ્ય ધારામાં જોડાતા યુવાનો માટે

(C) કાશ્મીરી પંડિતો માટે

(D) LOC તથા આંતરરાષ્ટ્રીય સરહદે વસતા લોકો માટે **(D)**

4. તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા જમ્મુ–કાશ્મીર અનામત (સુધારા) બિલ, 2019ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આંતરરાષ્ટ્રીય સરહદથી 10 કિલોમીટરની અંદરના વ્યાપમાં રહેતા લોકોને આ બિલ અંતર્ગત 3 ટકા અનામત મળશે.
2. આ નવા બિલ દ્વારા 'જમ્મુ–કાશ્મીર અનામત અધિનિયમ, 2004'માં સુધારો કરવામાં આવ્યો છે.
3. આ નવું બિલ 'જમ્મુ–કાશ્મીર અનામત (સુધારા) વટહુકમ, 2019'નું સ્થાન લેશે.

Ans. : (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

5. તાજેતરમાં G-20 સમિટ 2019નું આયોજન કયાં થયું હતું ?

(A) હેમ્બર્ગ, જર્મની (B) ઓસાકા, જાપાન

(C) બ્યુનોસ એર્સ, આર્જેન્ટિના (D) રિયાધ, સાઉદી અરેબિયા **(B)**

6. તાજેતરમાં જાપાનના ઓસાકા ખાતે કેટલામી G-20 સમિટનું આયોજન થયું હતું ?

(A) 12મી (B) 13મી (C) 14મી (D) 15મી **(C)**

7. G-20 સમૂહના સભ્ય દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) તૂર્કી (B) કેનેડા (C) દક્ષિણ કોરિયા (D) શ્રીલંકા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 21 બસ સ્ટેશનનું લોકાર્પણ

22 જૂન 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **ભાવનગર** ખાતેથી ગુજરાતના વિવિધ **21** શહેરોમાં તૈયાર થયેલા **બસ સ્ટેશનનું** લોકાર્પણ કરાવ્યું હતું. આ ઉપરાંત **ભાવનગર**, **ભરૂચ** અને **સુરેન્દ્રનગર** ખાતે તૈયાર થનાર નવા બસ સ્ટેશનનું તેમણે ઈ–તક્તિ દ્વારા ખાતમુહૂર્ત પણ કરાવ્યું હતું. તથા તેમણે ભાવનગર ખાતેથી **ટ્રાફિક એજ્યુકેશન અવેરનેસ મોબાઈલ (TEAM)** વાનનું લોકાર્પણ કર્યું હતું.

### ➤ વડોદરામાં સિટી બસ દ્વારા બાળકોને સીધા ઘરેથી જ સ્કૂલે લાવવા-મૂકવાનો પ્રયોગ

**વડોદરા**માં સિટી બસ દ્વારા બાળકોને સ્કૂલવાનની જેમ જ સીધા ઘરેથી જ સ્કૂલે લાવવામાં આવશે અને ત્યારબાદ સ્કૂલેથી ઘરે પરત મૂકી જવામાં આવશે. આ માટે ફક્ત રૂ. 135 (નાના બાળકો માટે) અને રૂ. 250 (મોટા બાળકો માટે) માસિક પાસ રહેશે અને વેકેશનના પૈસા ચૂકવવા નહીં પડે. **વડોદરા**માં હાલ ત્રણ સ્કૂલોમાં આ સેવા શરૂ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ઓપરેશન બંદર

તાજેતરમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન ભારતીય એરફોર્સ દ્વારા પાકિસ્તાનના **બાલાકોટ** પર કરવામાં આવેલી **એરસ્ટ્રાઈક**ને **'ઓપરેશન બંદર'** કોડનેમ આપવામાં આવ્યું હતું. આ ઓપરેશનની ગુપ્તતા જાળવવા તથા તેનો પ્લાન લીક ન થાય તે માટે બાલાકોટ એરસ્ટ્રાઈકને 'ઓપરેશન બંદર' કોડનેમ આપવામાં આવ્યું હતું.

### ➤ રાજસ્થાનની યુવતી સુમન રાવે 'મિસ ઈન્ડિયા વર્લ્ડ 2019'નો ખિતાબ જીત્યો

તાજેતરમાં મુંબઈના સરદાર વલ્લભભાઈ પટેલ ઈનડોર સ્ટેડિયમમાં યોજાયેલા એક કાર્યક્રમમાં **રાજસ્થાન**ની CAની વિદ્યાર્થીની **સુશ્રી સુમન રાવે** **'મિસ ઈન્ડિયા વર્લ્ડ 2019'**નો ખિતાબ જીતી લીધો છે.

### ➤ તેલંગાણામાં વિશ્વની સૌથી મોટી મલ્ટી-સ્ટેજ મલ્ટી-પર્પઝ લિફ્ટ ઈરીગેશન યોજનાનો પ્રારંભ

ભારતના **તેલંગાણા**માં તાજેતરમાં **વિશ્વની સૌથી મોટી મલ્ટી-સ્ટેજ મલ્ટી-પર્પઝ લિફ્ટ ઈરીગેશન યોજનાનું** લોકાર્પણ કરવામાં આવ્યું છે. **ગોદાવરી નદી**માંથી સિંચાઈ તથા પીવા માટે પાણી ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલી આ યોજનાને **'કાલેશ્વરમ્ મલ્ટી-પર્પઝ લિફ્ટ ઈરીગેશન પ્રોજેક્ટ'** નામ આપવામાં આવ્યું છે.

## ➤ DRDO તથા JNUના વિજ્ઞાનીઓએ એન્થ્રેક્સની નવી રસી તૈયાર કરી

તાજેતરમાં ભારતમાં DRDO (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) તથા JNU (શ્રી જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી)ના વૈજ્ઞાનિકો દ્વારા ઘાતક રોગ 'એન્થ્રેક્સ'ની નવી રસી તૈયાર કરવામાં આવી છે. આ રસી અગાઉની બધી રસી કરતા વધારે શક્તિશાળી છે. આ રોગ પશુઓમાં જોવા મળતા બેક્ટેરિયામાંથી ફેલાય છે. ખાસ કરીને ગાય, ઘોડા, ઘેટાં અને બકરામાં આ રોગ વધુ જોવા મળે છે. ડુક્કર, કૂતરા તથા મનુષ્યમાં તેની ઓછી અસર જોવા મળે છે.

## ➤ આંધ્રપ્રદેશમાં પાંચ નાયબ મુખ્યમંત્રીની નિમણૂક

આંધ્રપ્રદેશના નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી શ્રી જગનમોહન રેડ્ડીએ પોતાના નવા મંત્રીમંડળમાં એક સાથે પાંચ નાયબ મુખ્યમંત્રીની નિમણૂક કરી છે. ભારતના કોઈ રાજ્યમાં એક સાથે પાંચ નાયબ મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવી હોય એવી ભારતના રાજકીય ઈતિહાસની આ સંભવતઃ પ્રથમ ઘટના છે.

## ➤ અરૂણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાંથી AN-32 વિમાનનો કાટમાળ મળ્યો

3 જૂન 2019ના રોજ આસામના જોરહાટ એરપોર્ટથી અરૂણાચલ પ્રદેશના મેચુકા જવા માટે ભારતીય વાયુસેનાના AN-32 નામના વિમાને ઉડાન ભરી હતી. જોકે, ત્યારબાદ કુલ 13 લોકો સાથેનું આ વિમાન ગુમ થઈ ગયું હતું. આ વિમાનનો કાટમાળ અરૂણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાં 12000 ફૂટની ઊંચાઈએ આવેલા જંગલો વાળા પહાડ પરથી મળી આવ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ આસામના પ્રસિદ્ધ અંબુબાચી મેળામાં 25 લાખથી વધુ પ્રવાસીઓ ઉમટયા

તાજેતરમાં જૂન, 2019 દરમિયાન આસામના ગુવાહાટીમાં કામાખ્યા દેવી મંદિરે યોજાયેલ પ્રસિદ્ધ અંબુબાચી મેળામાં 25 લાખથી વધુ પ્રવાસીઓ ઉમટયા હતા. કામાખ્યા દેવી મંદિર 52 શક્તિપીઠોમાંની એક છે. અહીં દેવીની મૂર્તિ નથી.

## ➤ શ્રી વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 20,000 રન કરવાનો રેકોર્ડ બનાવ્યો

તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી વિરાટ કોહલીએ વેસ્ટ ઈન્ડિઝ સામેની વર્લ્ડ કપની એક મેચમાં લગભગ પોતાની 417મી ઈનિંગમાં 20,000 રન પૂરા કર્યા છે. આ સાથે જ શ્રી વિરાટ કોહલીએ શ્રી સચિન તેંડુલકર (453) અને શ્રી બ્રાયન લારા (453)નો રેકોર્ડ તોડીને સૌથી ઓછી 417 ઈનિંગમાં 20,000 રન પૂરા કરવાની સિદ્ધિ મેળવી છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 20,000 રન પૂરા કરનાર શ્રી વિરાટ કોહલી વિશ્વના 12મા અને શ્રી સચિન તેંડુલકર અને શ્રી રાહુલ દ્રવિડ બાદ ભારતના ત્રીજા બેટ્સમેન બની ગયા છે.

# વિશ્વ

## ➢ હોંગકોંગમાં પ્રત્યાર્પણ બિલનો વિરોધ

તાજેતરમાં હોંગકોંગ પ્રશાસન દ્વારા હોંગકોંગમાંથી ચીનમાં પ્રત્યાર્પણની મંજૂરી આપતું બિલ લાવવામાં આવ્યું હતું. જોકે, હોંગકોંગના નાગરિકો દ્વારા આ બિલને હોંગકોંગના નાગરિકોનું વિરોધી અને ચીન તરફી વધુ હોવાનું ગણાવીને તેનો વ્યાપક વિરોધ કરવામાં આવ્યો હતો. આથી હોંગકોંગ પ્રશાસન દ્વારા આ પ્રત્યાર્પણ બિલને મોકૂફ રાખવામાં આવ્યું છે.

## ICE Questions

➢ 22 જૂન 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયાંથી 21 બસ સ્ટેશનનું લોકાર્પણ કર્યું છે ? – ભાવનગર

➢ તાજેતરમાં ગુજરાતના કયા શહેરની સિટી બસ દ્વારા સ્કૂલના બાળકોને ઘરેથી સ્કૂલે લાવવા–લઈ જવાની સુવિધા શરૂ કરવામાં આવી છે ? – વડોદરા

➢ તાજેતરમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન થયેલી બાલાકોટ એરસ્ટ્રાઈકને શું કોડનેમ આપવામાં આવ્યું હતું ? – ઓપરેશન બંદર

➢ તાજેતરમાં રાજસ્થાનની કઈ યુવતીએ 'મિસ ઈન્ડિયા વર્લ્ડ 2019' ખિતાબ જીત્યો છે ? – સુમન રાવ

➢ તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં વિશ્વની સૌથી મોટી મલ્ટી–સ્ટેજ મલ્ટી–પર્પઝ લિફ્ટ ઈરીગેશન યોજના શરૂ કરવામાં આવી છે ? – તેલંગાણા

➢ તાજેતરમાં તેલંગાણામાં ગોદાવરી નદી પર વિશ્વની સૌથી મોટી મલ્ટી–સ્ટેજ મલ્ટી–પર્પઝ કઈ લિફ્ટ ઈરીગેશન યોજના શરૂ કરવામાં આવી છે ? – કાલેશ્વરમ્ મલ્ટી–પર્પઝ લિફ્ટ ઈરીગેશન યોજના

➢ તાજેતરમાં DRDO તથા JNUના વૈજ્ઞાનિકોએ કયા રોગની નવી રસી તૈયાર કરી છે ? – એન્થ્રેક્સ

➢ તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં એક સાથે પાંચ નાયબ મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવી છે ? – આંધ્રપ્રદેશ

➢ તાજેતરમાં ગુમ થયેલા ભારતીય વાયુસેનાના વિમાન AN-32નો કાટમાળ કયાંથી મળી આવ્યો છે ? – અરૂણાચલ પ્રદેશના સિયાંગ જિલ્લામાંથી

➢ તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં પ્રસિદ્ધ અંબુબાચી મેળાનું આયોજન થયું હતું ? – આસામ

➢ તાજેતરમાં આસામના ગુવાહાટી ખાતે આવેલા કયા પ્રસિદ્ધ મંદિરમાં પ્રસિદ્ધ અંબુબાચી મેળાનું આયોજન થયું હતું ? – કામાખ્યા દેવી મંદિરે

➢ તાજેતરમાં શ્રી વિરાટ કોહલીએ કોનો રેકોર્ડ તોડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 20,000 રન બનાવ્યા છે ? – શ્રી સચિન તેંડુલકર અને બ્રાયન લારા

➢ તાજેતરમાં હોંગકોંગમાં કયા બિલનો વ્યાપક વિરોધ થતા તેને મોકૂફ રાખવામાં આવ્યું છે ? – પ્રત્યાર્પણ બિલ (ચીનમાં પ્રત્યાર્પણને મંજૂરી આપતું બિલ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.